### સરકારી સેવા હેઠળ ચાલતી બસ જ નિયમોનો ભંગ કરતી જોવા મળતા અનેક સવાલો ઊભા થયા

# નંબર પ્લેટ વિના દોડતી સરકારી બસ

**નવસારીમાં** CNG બસ દ્વારા કાયદાનો ખુલ્લેઆમ ભંગ થતો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો

**નંબર** પ્લેટ વિના ફરતી બંને બસ પાલિકા કચેરી સામે ઉભેલી જોવા મળતાં આખી હકીકત કેમેરામાં કેદ થઈ ગઈ







નવસારી : નવસારી શહેરના ટાવર રોડ વિસ્તારમાં 'મુખ્યમંત્રી શહેરી બસ સેવા' હેઠળ દોડતી CNG બસ દ્વારા કાયદાનો ખુલ્લેઆમ ભંગ થતો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. છેલ્લા એક મહિનાથી આ બસ નંબર પ્લેટ વિના શહેરમાં ફરી રહી હોવાની ચર્ચાઓ વચ્ચે ગઈકાલે નગરપાલિકા કચેરી સામે બંને બસ ઉભેલી જોવા મળતાં આખી હકીકત કેમેરામાં કેદ થઈ ગઈ. ફોટોગ્રાફ્સમાં બસના આગળ અને પાછળ બંને ભાગમાં કોઈપણ રજિસ્ટ્રેશન નંબર પ્લેટ ન હોવું સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે.

આ ઘટના માત્ર બેદરકારી નથી, પરંતુ કાયદા પ્રત્યેની ઉદાસીનતા અને જવાબદારીમાંથી પલાયન દર્શાવે છે. ભારતમાં Motor Vehicles Act, 1988 મુજબ દરેક વાહન માટે નંબર પ્લેટ ફરજિયાત છે અને હાઇ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (HSRP) વિના વાહન ચલાવવું ગુનો ગણાય છે. છતાં સરકારી સેવા હેઠળ ચાલતી બસ જ આ નિયમોનો ભંગ કરતી જોવા મળતા અનેક સવાલો ઊભા થયા છે. કાયદા મુજબ નંબર પ્લેટ વિના વાહન ચલાવનારને 2000 થી 5000 સુધીનો દંડ થઈ શકે છે અને વારંવાર ભંગ થાય તો વધુ કડક કાર્યવાહી પણ થઈ શકે છે. પરંતુ અહીં પ્રશ્ન એ છે કે શું આ નિયમો માત્ર સામાન્ય નાગરિકો માટે જ લાગુ પડે છે? જ્યારે સરકારી બસ જ નિયમોને અવગણે, ત્યારે કાયદાની અસરકારકતા અને તંત્રની વિશ્વસનીયતા પર સીધો પ્રહાર થાય છે.

#### સરકારી વિભાગો માટે પણ સમાન કાયદા લાગુ થવા જોઈએ

લોકો સ્પષ્ટપણે કહી રહ્યા છે કે જો સામાન્ય વ્યક્તિ નાની ભૂલ માટે દંડ ભરવો પડે, તો સરકારી વિભાગો માટે પણ સમાન કાયદા લાગુ થવા જોઈએ. તંત્રની આંખ સામે આવી બેદરકારી થતી હોવા છતાં કોઈ કાર્યવાહી ન થવી વધુ ચિંતાજનક છે. હવે લોકોની માંગ છે કે આ મામલે તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવે, જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને આવી ઘટનાઓ ફરી ન બને તે માટે કડક દેખરેખ વ્યવસ્થા ઉભી કરવામાં આવે. નહીં તો આવનારા સમયમાં કાયદો માત્ર કાગળ પર જ સીમિત રહી જાય તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## બીલીમોરા પાલિકાનું રૂ.૧૫૫.૪૦ કરોડનું બજેટ સર્વાનુમતે મંજૂર

**રૂપિયા** ૫.૧૩ કરોડની પૂરાંત ધરાવતું વિકાસલક્ષી આયોજન

**ચીફ** ઓફિસરની ગેરહાજરીમાં રેલવે ઓવરબ્રિજ, રિંગરોડ અને ડ્રેનેજ પ્રોજેક્ટ્સ પર ભાર મૂકાયો


કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા નગરપાલિકાની સામાન્ય સભામાં આગામી વર્ષ ૨૦૨૬-૨૭ નું રૂપિયા ૫,૧૩,૯૪૦૦૦ ની પૂરાંતવાળું રૂપિયા ૧૫૫,૪૦,૩૭,૫૭૭ નું બજેટ સર્વાનુમતે મંજુર કરાયું હતું. સભામાં ચીફ ઓફીસર સંદીપ પટેલની સૂચક ગેરહાજરી વચ્ચે બજેટ પ્રસાર કરાયું હતું.

બજેટમાં ધર્મશાળાની ૧.૬૦ કરોડ, માર્કેટ ૧૪ લાખ, હોકર્સ ઝોન પૂર્વ ૧૩ લાખ, પોસ્ટ ઓફીસ ભાડું રૂપિયા ૩ લાખ, મહેસુલી ગ્રાન્ટ ૧૪.૬૧ કરોડ, પરચુરણ ઉપજ ૪.૬૯ કરોડની અંદાજવામાં આવી હતી. પાલિકામાં ૩૨૦ કેજી સોલાર પેનલ થકી ૧.૯૦ લાખ યુનિટ વીજ ઉત્પાદન થકી રૂપિયા ૧૪.૨૭ લાખની બચત થાય છે. સ્વર્ણિમ્ સોલારનાં કામ થકી ૨૫૦ કેજી વીજ ઉત્પાદન થશે. જ્યારે મહેકમ ખર્ચ રૂપિયા ૧૨.૩૧ કરોડ, નિભાવણી ખર્ચ રૂપિયા ૯.૮૩ કરોડ અને પૂરાંત રૂપિયા ૫.૧૩ કરોડ અંદાજવામાં આવી હતી. આ ઉપરાંત એજન્ડા ઉપરના ૯ કામો સર્વાનુમતે પ્રસાર કરાયા હતા. શહેરનાં ગૌરવપથ સહિત માર્ગોને પહોળા કરાશે. સભામાં ઉપપ્રમુખ તેજલબેન જોષી, મનીષ નાયક, મલંગ કોલીઆ, અર્ચના સોલંકી, સહિત નગરસેવકોએ શહેરના વિકાસ બજેટ માટે અભિનંદન આપ્યા હતા.

#### ભાવી પ્રોજેક્ટ્સ અને માળખાકીય સુવિધાઓ

કારોબારી ચેરમેન પ્રજ્ઞેશભાઈ પટેલે શહેરના વિકાસ માટેના મહત્વના પ્રોજેક્ટ્સની જાહેરાત કરી હતી, જેમાં એલસી ગેટ ૧૦૭ તરફનો એપ્રોચ રૂ. ૧.૫ કરોડના ખર્ચે લંબાવવામાં આવશે. ચીમોડિયાનાકા ફાટક પાસે રૂ. ૧૮ કરોડના ખર્ચે નવો એપ્રોચ રોડ બનશે. ખાડા માર્કેટથી કાંકરાખાડી સુધી રૂ. ૮.૯૪ કરોડ અને નીલનગરથી વાઘરેચ સુધી રૂ. ૪.૪૩ કરોડના ખર્ચે બોક્સ ડ્રેઈનનું આયોજન છે. શહેરના માર્ગોને પહોળા કરવા સાથે ગૌરવપથની બંને બાજુ રૂ. ૭.૭૮ કરોડના ખર્ચે વોટર લાઈન નાખવામાં આવશે.-

#### સોમનાથ તળાવને ભરવા માટે પવનચક્કી કે સોલાર ઉર્જાનો ઉપયોગ કરવા સૂચન

સભામાં ચીમોડિયાનાકા કેબિન ભાડા મુદ્દે સમાધાન થતા માસિક ભાડું રૂપિયા ૧૧૫૦થી વધારી રૂપિયા ૧૬૫૦ કરાયું હતું. વિપક્ષી સભ્ય મલંગ કોલીઆએ ૨૦ કિમીના વિસ્તારમાં મૃત્યુ પામતા નગરજનો માટે વિનામૂલ્યે શબવાહિની અને ગરીબ પરિવારોને અંતિમક્રિયા માટે રૂપિયા ૫૦૦ની સહાય આપવાની માંગ કરી હતી. આ ઉપરાંત, સોમનાથ તળાવને ભરવા માટે પવનચક્કી કે સોલાર ઉર્જાનો ઉપયોગ કરવા અને જ્યુબિલિ તળાવ પર એલઈડી સ્ક્રીન મૂકવા જેવા સૂચનો પણ કરવામાં આવ્યા હતા. સભાના અંતે ઉપપ્રમુખ તેજલબેન જોષી સહિતના નગરસેવકોએ આ વિકાસલક્ષી બજેટને આવકારી પ્રમુખ અને કારોબારી સમિતિને અભિનંદન પાઠવ્યા હતા.

## ડાંગ વન વિભાગમાં અનેક R.F.O.ની સામૂહિક બદલી

**વન** અને પર્યાવરણ વિભાગ દ્વારા રાજ્યવ્યાપી બદલીઓનો ગંજીપો ચીપકાયો

**ડાંગના** વહીવટી માળખામાં મોટા ફેરફારો

સાપુતારા : વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની અધિસૂચના મુજબ રાજ્યના પરિક્ષેત્ર વન અધિકારી (R.F.O.), વર્ગ-૨ સંવર્ગના અધિકારીઓની મોટા પાયે બદલી કરવામાં આવી છે. આ આદેશને પગલે ડાંગ જિલ્લાના વન વિભાગના માળખામાં નોંધપાત્ર ફેરફારો જોવા મળ્યા છે. અનેક અનુભવી અધિકારીઓને અન્ય જિલ્લાઓમાં જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે ડાંગમાં નવા અધિકારીઓની નિમણૂક થઈ છે.

જેમાં વાંસદા નેશનલ પાર્કમાં ફરજ બજાવતા કુ. અંતિકા તિવારીની ઓલપાડ ખાતે બદલી થતા, તેમના સ્થાને પાનગરબરી રેંજથી હિનાબેન પટેલની નિમણૂક કરવામાં આવી છે. સ્ટ્રાઇકીંગ ફોર્સ, આહવાના વિજય વલવીની વ્યારા બદલી કરાતા, હનમતમાલ રેંજથી પ્રતિભાબેન પટેલને અહીં મુકાયા છે. શામગહન રેંજના ચિરાગ માછીની શિનોર ખાતે બદલી થઈ છે, જ્યારે તેમના સ્થાને કુ. મંજુલાબેન ઠાકરે (વલસાડ પ્રોજેક્ટ) કાર્યભાર સંભાળશે.

ડાંગના વિવિધ રેંજમાંથી નવસારી, સુરત, રાજપીપળા અને અન્ય જિલ્લાઓમાં અધિકારીઓની બદલી કરાઈ છે. જેમાં વિનયકુમાર પવાર (આહવા પશ્ચિમ), દીપકભાઈ હળપતિ (બરડીપાડા), અંજનાકુમારી પાલવા (કાલીબેલ), અર્ચનાબેન હીરા (લવચાલી), સમીરભાઈ કોંકણી (ભેંસકાતરી) અને મનોહરસિંહ વાઘેલા (પીપલાઇદેવી)નો સમાવેશ થાય છે.

તદુપરાંત, દક્ષિણ વિભાગમાંથી હાર્દિક ચૌધરી (આહવા પૂર્વ), મનીષકુમાર સોનવણે (સાકરપાતળ), બિપિનકુમાર પરમાર (ગલકુંડ) અને સરસ્વતીબેન ભોયા (ચીખલી રેંજ)ની પણ રાજ્યના અન્ય જિલ્લાઓમાં બદલી કરવામાં આવી છે.

વઘઇમાં કાર્યરત ફરીદાબેન વલવી, દિલીપભાઈ રબારી, સંદિપકુમાર ચૌધરી (સો મીલ), સુનિલસિંહ વાઘેલા અને શિલ્પાબેન દેશમુખ (ટીમ્બર ડેપો)ની પણ રાજ્યના વિવિધ વિભાગોમાં બદલીના આદેશ અપાયા છે.

ગણેશભાઈ ભોયેની વ્યારા ખાતે નિમણૂક કરવામાં આવી છે. ડાંગ જેવા સંવેદનશીલ વન વિસ્તારમાં થયેલી આ વ્યાપક ફેરબદલથી વન સંરક્ષણ અને વહીવટી કામગીરીમાં નવી ગતિ આવશે તેવી આશા વન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

## વલસાડ જિલ્લાના 29 વન અધિકારીઓની સામૂહિક બદલી

**ભારે** પ્રયાસ છતાં ત્રણ વર્ષથી એકજ સ્થળે ચીટકી રહેલા અધિકારીઓની પણ બદલી

વલસાડ : વલસાડ જિલ્લાના ઉત્તર અને દક્ષિણ વન વિભાગ અને સામાજિક વનીકરણ વિભાગના 29 થી વધુ અધિકારીઓની બદલીઓ જિલ્લા કે જિલ્લા બહાર કરવામાં આવી છે. બદલીઓમાં ભારે પ્રયાસો બાદ પણ ત્રણ કે વધુ વર્ષથી એકજ જગ્યાએ ફરજ બજાવતા વન અધિકારીઓની બદલીઓ થતા સોંપો પડી ગયો છે. વલસાડ જિલ્લાના બદલી કરાયેલા અધિકારીઓમાં દક્ષિણ વન વિભાગના કપરાડા આર એફ. ઓ અંકિત પટેલની સામાજિક વનીકરણ વલસાડ પારડી વિસ્તરણ રેન્જમાં, કપરાડા નવા આર.એફ. ઓ તરીકે ગોધરાથી નાનાપોંઢા આર. એફ. ઓ તરીકે ઈકો ટુરિઝમ, સુરતથી જીતેન્દ્ર શાંતિલાલ ભેંડા, લવકર રેન્જ આર.એફ.ઓ ની ખાલી જગ્યા ઉપર ડભોઇ વિસ્તરણ રેન્જના કલ્યાણીબેન રાજુ ચોધરીની નિમણૂક, ફતેપુર રેન્જના કૌશિક પટેલની ગોધરા સિંચાઈ, નવા આર.સેફ. ઓ તરીકે ઓલપાડથી મનીષાબેન કાનજી ભાઈ પરમારની નિમણૂક કરાઈ છે. ધરમપુર સામાજિક વનીકરણના આર એફ. ઓ ભૂમિકા પટેલની પંગારબારી વિસ્તરણ રેન્જ, ધરમપુર સામાજિક વિસ્તરણ આર.એફ.ઓ તરીકે પ્રતિભા મંછું ધૂમની નિમણૂક, આર.એફ. ઓ હિરેન પટેલની સ્ટ્રાઈકી ફોર્સ રાજપીપળા, તેમના સ્થાને વલસાડ વિસ્તરણ રેન્જથી હેતલબેન રમેશચંદ્ર ભંડારીની નિમણૂક, સંજાણ રેન્જના આર.એફ. ઓ તરીકે છાયા પટેલ, હંનમતમાળ આર એફ. ઓ તરીકે નિલેશ પટેલ, વાપી રેંજના આર.એફ. ઓ તરીકે દિનેશ ડામોર, સંજાણ આર. એફ. ઓ તરીકે તેજસ પટેલ સહિતનાના અધિકારીઓની બદલી થઈ છે. નાનાપોંઢા રેંજના આર.એફ.ઓ તરીકે જીતેન્દ્ર ભેડા, કપરાડાના આર.એફ.ઓ તરીકે જિગર ટંડેલ, ફતેપુરના આર.એફ.ઓ તરીકે મનીષા પરમાર, લવકરના કલ્યાણી ચોધરી અને ધરમપુર સામાજિક વનીકરણ આર.એફ.ઓ પ્રતિભા મંછુ ધૂમનો સમાવેશ થાય છે.

### મહાવીર જયંતિએ દમણમાં નોનવેજ દુકાનો અને કતલખાના બંધ રહેશે

દમણ : દમણમાં મહાવીર જયંતિએ પ્રદેશમાં નોનવેજની દુકાનો અને કતલખાનાઓ બંધ રાખવાનો આદેશ કરાયો છે. કલેક્ટર શૌરભ મિશ્રાએ આપેલા ઓર્ડર મુજબ 31 માર્ચે મહાવીર જયંતિ નિમિત્તે જનતાની ધાર્મિક લાગણી ન દુભાય એવા હેતુથી દમણની ચીકન, મટન અને મચ્છીની દુકાનોની સાથે કતલખાનાઓ એક દિવસ માટે બંધ રાખવાના રહેશે.

#### સંક્ષિપ્ત સમાચાર

### ગોવાડા તથા નારગોલમાં કરોડોના વિકાસના કામોનું ખાતમુહૂર્ત


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામના ગોવાડા તથા નારગોલમાં કરોડો રૂપિયાના વિકાસના કામોનું ધારાસભ્ય રમણ પાટકરના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગોવાડામાં રામલીબેનના ઘરથી ગોદરવાડી ફળિયા તરફ જતો રસ્તો રૂપિયા 42 લાખ તથા ગોવાડામાં રૂપિયા 14.50 લાખના ખર્ચે બનનાર પ્રોટેક્શન વોલનું ધારાસભ્ય રમણભાઈએ ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે જણાવ્યું કે ગોવાડા કોસ્ટલ હાઇવેથી કંકરાડી તરફ જતો રસ્તો 7 મીટર પહોળો કરવા રૂપિયા 1 કરોડ, દેહરી શીતલ ટાઉનશીપથી ગોવાડા કંકરાડીને જોડતો રસ્તા માટે રૂપિયા એક કરોડ, આદિવાસી ફળિયા પાંજરાપોળથી મહારાષ્ટ્રને જોડતો રસ્તા માટે પણ દરખાસ્ત કરી છે. દેહરીથી ગોવાડા સુધી દરિયાઈ ધોવાણ અટકાવવા પ્રોટેક્શન વોલ માટે પણ અંદાજે રૂપિયા 15 કરોડ મંજૂર કરવામાં આવ્યા હોવાની જાણકારી આપી હતી. ખાતમુહૂર્ત પ્રસંગે ગોવાડા ગામના સરપંચ મંજુબેન તથા દેહરીના સરપંચ ધનેશભાઈ, ગોવાડાના આગેવાન ઉમેશભાઈ, ભાજપ અગ્રણી જવાહરભાઈ રાજપુરોહિત તથા અધિકારી વિરલ પટેલ, અધિકારી ભાવેશભાઈ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. નારગોલમાં ત્રણ પ્રોટેક્શન વોલ તથા ઓવારાના કામો મળી કુલ રૂપિયા 60 લાખના વિકાસના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે સરપંચ સ્વીટીબેન યતીનભાઈ ભંડારી તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### દાનહમાં એલપીજીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ, અફવાઓથી દૂર રહેવા અપીલ

વાપી : દાદરા અને નગર હવેલી જિલ્લા પ્રશાસને નાગરિકોને જાણ કરી છે કે, જિલ્લામાં એલપીજી (લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ) નો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. સોશિયલ મીડિયા પર એલપીજીની અછત અંગે ફેલાતી ભ્રામક માહિતી અને અફવાઓના પગલે તંત્રએ સ્પષ્ટતા કરી છે કે, ગેસ સિલિન્ડરોની કોઇ અછત નથી અને પુરવઠાની વ્યવસ્થા સંપૂર્ણપણે સુચારુ રીતે ચાલી રહી છે. જિલ્લાના તમામ અધિકૃત ગેસ વિતરણકારોએ પણ પૂરતો સ્ટોક હોવાની ખાતરી આપી છે. વહીવટીતંત્રે નાગરિકોને અપીલ કરી છે કે, ગભરાશો નહીં અને અનાવશ્યક રીતે વધારાના સિલિન્ડરોનું બુકિંગ ન કરો. ગ્રાહકોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ ફક્ત ઓનલાઇન બુકિંગ, મોબાઇલ એપ અથવા અધિકૃત વિતરણકારો મારફતે જ ગેસ બુકિંગ કરાવે. આ ઉપરાંત, હોમ ડિલિવરી સેવા પણ નિયમિત રીતે ચાલુ રાખવામાં આવી છે. તંત્ર દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે કે, એલપીજીની જમાખોરી અથવા કાળાબજારી કરનારાઓ સામે કડક નજર રાખવામાં આવી રહી છે અને આવા કિસ્સાઓમાં સખત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. નાગરિકોને માત્ર અધિકૃત માહિતી પર જ વિશ્વાસ રાખવા અને શાંતિ જાળવવા જણાવાયું છે. કોઈપણ મુશ્કેલીના સમયે નાગરિકો હેલ્પલાઇન નંબર 1077, 0260-2412500 અથવા 8780001077 પર સંપર્ક કરી શકે છે.


ધર્મેશ પટેલ

## પ્લાન્ટમાંથી ઉડતી ધૂળ અને રજકણથી શ્વાસના ગામ રોગોનું ઘર બની રહ્યું

**રેઠવાણિયામાં** ક્વોરીનો વિરોધ, ન્યાય માટે શાળાના બાળકો મેદાને

**નવ** મહિનાથી રજૂઆતો છતાં તંત્ર મૌન, ધારાસભ્યોની રેલી બાદ પણ નિરાકરણ ન આવતા ગ્રામજનોમાં ભારે રોષ

ઘેજ : ચીખલીના રેઠવાણિયા ગામમાં આવેલી બંસીધર ક્વોરી અને ક્રશર પ્લાન્ટ સામે ગ્રામજનોનો વિરોધ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલી લડત છતાં કોઈ નક્કર ઉકેલ ન આવતા, આજે ગામના નાના ભૂલકાઓ અને વિદ્યાર્થીઓ સાથે ગ્રામજનોએ ચીખલી પ્રાંત કચેરી ખાતે પહોંચી આવેદનપત્ર પાઠવ્યું હતું.

રેઠવાણિયા ગામના રહીશોના જણાવ્યા અનુસાર, આ પ્લાન્ટમાંથી ઉડતી ધૂળ અને પથ્થરના રજકણોને કારણે સમગ્ર ગામ શ્વાસના રોગોનું ઘર બની રહ્યું છે. પ્રદૂષણને લીધે ખેતીના પાકને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે અને પશુધનનું આરોગ્ય પણ જોખમમાં મુકાયું છે. ઉલ્લેખનીય છે કે, નવ મહિના પૂર્વે વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને સ્થાનિક ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં વિશાળ રેલી કાઢીને આ પ્લાન્ટ બંધ કરાવવા રજૂઆત કરવામાં આવી હતી. પ્રાંત કચેરી દ્વારા અત્યાર સુધીમાં પાંચ જેટલી તારીખો પડી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો નથી.

આજની રજૂઆતમાં સૌથી હૃદયસ્પર્શી દ્રશ્યો એ હતા કે જે ઉંમરે બાળકોના હાથમાં પેન અને પુસ્તક હોવા જોઈએ, તે ઉંમરે રેઠવાણિયાના બાળકો ક્વોરી બંધ કરાવવા માટે ન્યાયની માંગ કરી રહ્યા હતા. ગ્રામજનોએ તંત્રને સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, જો આગામી ૧૫ દિવસમાં ક્વોરી અંગે કાયમી ઉકેલ નહીં આવે, તો સમગ્ર ગામ આગામી ચૂંટણીનો બહિષ્કાર કરશે. ગામમાં વિરોધ પ્રદર્શનના બેનરો લગાવી કોઈ પણ રાજકીય પક્ષના નેતાને પ્રચાર માટે પ્રવેશવા દેવામાં આવશે નહીં અને કોઈ પણ ગ્રામજન મતદાન કરવા જશે નહીં.

### મધ્ય પૂર્વ સંકટને પગલે દાનહમાં પરપ્રાંતિય શ્રમિકો માટે 24x7 હેલ્પલાઇન શરૂ

વાપી : મધ્ય પૂર્વમાં ઉદ્ભવેલા વર્તમાન સંકટને ધ્યાનમાં રાખીને દાદરા અને નગર હવેલી તંત્ર દ્વારા જિલ્લાના પરપ્રાંતિય શ્રમિકોની સહાય માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. તંત્ર દ્વારા શ્રમિકોને રહેઠાણ, ભોજન, આર્થિક તકલીફો, તબીબી સહાય અને અન્ય સમસ્યાઓના ઝડપી ઉકેલ માટે 24x7 નાગરિક હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી છે. આ વ્યવસ્થા હેઠળ, શ્રમિકો કોઈપણ મુશ્કેલીના સમયે હેલ્પલાઈન દ્વારા મદદ મેળવી શકશે. પરપ્રાંતિયોને જરૂરિયાત જણાય ત્યારે હેલ્પલાઈન નંબર 1077 પર સંપર્ક કરી શકે છે. તંત્ર દ્વારા ખાતરી આપવામાં આવી છે કે મળતી ફરિયાદો પર કાર્યવાહી કરાશે અને શ્રમિકોને સહાય પૂરી પાડવામાં આવશે.

## રાજપુરીના જંગલોમાં બાઈક સવારના સ્ટંટનો વિડીયો વાયરલ

**રીલ્સની** ઘેલછામાં ટ્રાફિક નિયમોના ઉડ્યા ધજાગરા

**પ્રવાસીઓ** અને સ્થાનિકોના જીવ જોખમમાં મૂકતા સ્ટંટબાજ સામે કાર્યવાહીની માંગ



વલસાડ : દક્ષિણ ગુજરાતના મિની કાશ્મીર તરીકે પ્રખ્યાત ધરમપુરના પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે ચિંતાજનક વિડીયો સોશિયલ મીડિયામાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. રાજપુરી જંગલ વિસ્તારના માર્ગ પર એક યુવક બાઈક પર અત્યંત જોખમી સ્ટંટ કરતો કેમેરામાં કેદ થયો છે.

રાજપુરી અને માલનપાડા તરફ જતા સાંકડા અને વળાંકવાળા વનરાજી માર્ગો પર બાઈક સવાર પૂરઝડપે બાઈક હંકારી રહ્યો હતો. વાયરલ થયેલા વિડીયોમાં યુવક ચાલુ બાઈકે હેન્ડલ છોડીને કરતબો કરી રહ્યો છે. આ માર્ગ પર સતત અન્ય પ્રવાસી વાહનોની અવરજવર હોવા છતાં, ટ્રાફિકના નિયમોને નેવે મૂકીને સ્ટંટબાજી કરવામાં આવી રહી છે. માત્ર સોશિયલ મીડિયા પર 'રીલ્સ' બનાવી લોકપ્રિયતા મેળવવાની ઘેલછામાં આ યુવક પોતાનો અને અન્ય માર્ગચાલકોનો જીવ જોખમમાં મૂકી રહ્યો છે. સ્થાનિકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. પર્યટન સ્થળો શાંતિ અને કુદરતની મજા માણવા માટે હોય છે, નહીં કે આવા 'મોતના ખેલ' ખેલવા માટે. અગાઉ પણ વલસાડ જિલ્લા પોલીસ દ્વારા આવા સ્ટંટબાજો વિરુદ્ધ ઈ-મેમો અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે આ કિસ્સામાં પણ વાયરલ વીડિયો અને બાઈક નંબરના આધારે ધરમપુર પોલીસ કડક તપાસ શરૂ કરે તેવી લોક માંગ ઉઠી છે. જો આવા તત્વો સામે તાકીદે પગલાં લેવામાં નહીં આવે, તો આ સાંકડા રસ્તાઓ પર ગંભીર અકસ્માત સર્જાવવાની પૂરેપૂરી શક્યતા છે.

## વલસાડ જિલ્લામાં 1 એપ્રિલથી શાળાઓનો સમય સવારનો

**વધતી** ગરમી અને પરીક્ષાઓને અનુલક્ષીને સરકારનો નિર્ણય

વલસાડ : કાળઝાળ ગરમીથી વિદ્યાર્થીઓને રક્ષણ આપવા રાજ્ય સરકારે 1 એપ્રિલથી સરકારી પ્રાથમિક શાળાઓનો સમય સવારનો કરવા અંગેનો પરિપત્ર કરાયો છે. વલસાડ જિલ્લા પંચાયત સંચાલિત 953 પ્રાથમિક શાળાઓમાં 1 30 લાખ વિદ્યાર્થીઓને 1 એપ્રિલથી શાળાનો સમય સવારનો કરાતા રાહત થશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ગરમી અને શાળાઓમાં એપ્રિલથી શરૂ થનારી વાર્ષિક પરીક્ષાઓને અનુલક્ષીને બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં લઈ અને પાણીની મુશ્કેલીને ધ્યાનમાં લઇ પ્રાથમિક શાળાઓનો સમય 1 એપ્રિલથી સવારે 7થી બપોરે 12 કલાક સુધીનો રહેશે. પ્રાથમિક શિક્ષણ અધિકારી વસાવાએ જણાવ્યું કે એપ્રિલની ગરમી અને પરીક્ષાઓને ધ્યાનમાં લઈ બાળકોને નુકશાન ન પહોંચે એ હેતુથી પ્રાથમિક શાળાઓનો સમય સવારે 7થી 12 સુધીનો કરાયો છે.

## વાપીમાં બેરોજગાર પતિની પત્નીનું ગળુ પકડી મારી નાંખવાની ધમકી

વાપી : વાપીમાં બેરોજગાર પતિએ પત્ની પાસે રૂપિયા 15 હજારની માંગણી કરી અને ના પાડતા ગળુ પકડી મારઝૂડ કરી જાનથી મારી નાંખવાની ધમકી ઉચ્ચારી હતી. વાપી નજીકના બલીઠા ગામ, શિલ્પ એપાર્ટમેન્ટમાં અનાયતા પુરબીયા (ઉં.30) રહે છે. વર્ષ 2017 માં તેમના તેમના લગ્ન નરેશ વિનોદભાઈ પુરબિયા (રહે. સેલવઈ, જિ.આણંદ) સાથે થયા હતા અને તે સમયે તે નોકરી કરતો હતો અને હાલ તે બેરોજગાર છે. 4 સંતાન હોય ઘરનું ગુજરાન ચલાવવા માટે પત્ની અનાયતા નોકરી કરે છે. પતિને નોકરી માટે કહે તો ઝઘડો કરી મારઝૂડ કરે છે. પતિએ રાત્રે ઘરે આવી રૂપિયા 15 હજારની માંગણી કરી હતી. જેથી પત્નીએ ના પાડી દેતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને પત્નીનું ગળુ પકડી માર મારી હતી. તુ મને ઘરમાં આવવા દે નહીંતર હું તને ઘરમાં પૂરી મારી નાખી ભાગી જઈશ કહી ઝઘડો કર્યો હતો. આ બનાવ અંગે પત્ની અનાયતાએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### ગ્રામ પંચાયત ખેરગામ

મુ.પો. ખેરગામ, તા. ખેરગામ, જિ. નવસારી-૩૯૬૦૪૦
સરપંચશ્રી શ્રીમતી ઝરણાબેન ધર્મેશભાઈ પટેલ

**જાહેર નોટીસ**

આથી રસ ધરાવતા ઇસમોને જણાવવામાં આવે છે કે, ગ્રામ પંચાયત ખેરગામ તા. ખેરગામ જિ. નવસારી દ્વારા બ્લોક નંબર, ૧૧૩, ૪૦૭ તળાવમાંથી માટી ખોદી લઇ જવાનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. ટેન્ડર રૂપિયા એક હજાર ભરી ગ્રામ પંચાયત ખેરગામ પાસેથી લેવાનું રહેશે. ટેન્ડરની તમામ શરતો ટેન્ડર ફોર્મમાં આપવામાં આવેલ છે. ટેન્ડર તા. ૩૦/૦૩/૨૦૨૬ થી તા. ૭/૪/૨૦૨૬. સુધી ટેન્ડર ગ્રામ પંચાયત ખેરગામને પોષ્ટ દ્વારા મોકલવાનું રહેશે. જેમનું ટેન્ડર લાગશે તેમને ગ્રામ પંચાયત ખેરગામ દ્વારા જાણ કરવામાં આવશે. ટેન્ડર મંજૂર કે ના મંજૂર કરવાની તમામ સત્તા ગ્રામ પંચાયત ખેરગામની રહેશે.

ખાસ નોંધ : ટેન્ડર ફી દરેક બ્લોક નંબરની અલગથી લેવાની રહેશે અને ડીપોઝીટ પણ અલગથી આપવાની રહેશે.